### કપડવંજમાં સો વર્ષ જૂની જર્જરીત ગટર લાઈનો અને ઠેર-ઠેર લીકેજને કારણે પ્રદૂષિત પાણીની ફરિયાદો વધી

# કપડવંજ શહેરમાં પીવાના પાણીમાં ગટરની દુર્ગંધથી રોગચાળાની દહેશત

**નગરપાલિકાની** બેદરકારીથી 50 હજાર નાગરિકોનું સ્વાસ્થ્ય જોખમમાં મુકાયું



(પ્રતિનિધિ) કપડવંજ તા.16

કપડવંજ શહેરની આશરે 50 હજારની વસ્તીને શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવાની મ્યુનિસિપાલિટીની પાયાની જવાબદારી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. શહેરના અનેક વિસ્તારોમાં નળ દ્વારા અપાતું પાણી અત્યંત ડહોળું અને ગટરની અસહ્ય દુર્ગંધ વાળું આવતા નાગરિકોમાં ભારે રોષ અને ફફડાટ જોવા મળી રહ્યો છે. શુદ્ધ પાણીના નામે ગંદા પાણીના વિતરણથી પ્રજાના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થઈ રહ્યા હોવાનું સપાટી પર આવ્યું છે. કપડવંજ શહેરના અનેક વિસ્તારોમાં પીવાનું પાણી ગટર જેવી વાસ સાથે આવી રહ્યું હોવાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ પ્રદૂષિત પાણીના કારણે કપડવંજના દવાખાનાઓમાં પેટના દર્દો અને ઝાડા-ઊલટીના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. જો નગરપાલિકા તંત્ર વહેલી તકે જાગૃત નહીં થાય, તો શહેરમાં મોટો પાણીજન્ય રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી સંભાવના છે.

કપડવંજ શહેરની ગટર લાઈનો આશરે સો વર્ષથી પણ જૂની અને અત્યંત ઊંડી હોવાથી તે અંદરથી સાવ જર્જરિત થઈ ગઈ છે. શહેરમાં જ્યારે પાણી છોડવામાં આવે છે ત્યારે અનેક સ્થળોએ લીકેજ જોવા મળે છે. નળ અને ગટર બંનેની લાઈનો લીકેજ હોવાને કારણે ગટરનું ગંદુ પાણી પીવાના પાણીની લાઈનમાં ભળી રહ્યું છે. ખાસ કરીને મોટા નાગરવાડા અને ઝટવાડા જેવા વિસ્તારોમાં દર ૧૫ દિવસે ગટર ઉભરાવાની સમસ્યા માથાના દુખાવા સમાન બની છે.

આ અંગે શહેરના નાગરિકો માંગ કરી રહ્યા છે કે નગરપાલિકા દ્વારા તાત્કાલિક ધોરણે તમામ વિસ્તારોમાંથી પાણીના સેમ્પલ લઈ તેની લેબોરેટરી ચકાસણી કરવામાં આવે. માત્ર ઉભરાતી ગટરો સાફ કરવાના 'તૂકડા' કરવાને બદલે સંપૂર્ણ ગટર લાઈનને હાઈ પ્રેશર દ્વારા સાફ કરવામાં આવે અને મેઈન લાઈનની ચેમ્બરોની અંદરથી મરામત કરવામાં આવે, જેથી નાગરિકોના સ્વાસ્થ્ય પર તોળાતું જોખમ ટાળી શકાય.

## આણંદમાં બેઠક મંદિર ખાતે 56 ભોગ મનોરથ યોજાયો, વૈષ્ણવોએ દર્શન કરી ધન્યતા અનુભવી



મધ્ય ગુજરાત શ્રી તૃતીય પીઠ દ્વારા આણંદ ખાતે કાંકરોલી નરેશ ડો. વાગીશ કુમારજી મહારાજના ષષ્ઠી પૂર્તિ મહોત્સવની ખૂબ જ ધામધૂમથી અને દિવ્યતાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.. નિત્ય લીલાસ્થ વ્રજેશકુમાર મહારાજના શુભ આશીર્વાદ સાથે આયોજિત આ મહોત્સવમાં સાક્ષાત્ મા યમુનાજી સ્વરૂપ અમ્માજી, વહુજી તેમજ લાલન વેદાંત કુમારજી મહોદય અને સિદ્ધાંત કુમારજી મહોદયની મંગલમય ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે દ્વારકાધીશ મંદિર, આણંદ ખાતે વિવિધ હવેલીઓના ઠાકોરજીઓને એક જ સ્થળે બિરાજમાન કરી દિવ્ય અલૌકિક 56 ભોગ બડો મનોરથ યોજાયો હતો. જેમાં ચરોતર પંથકની સકલ વૈષ્ણવ સૃષ્ટિ ઉમટી પડી હતી.

## વડતાલ ધામમાં 310 ગાયોનું પૂજન અને બોરનો અન્નકૂટ



વડતાલધામ સ્વામિનારાયણ મંદિરની નૂતન ગૌશાળામાં મકરસંક્રાંતિના પર્વે સંતો અને હરિભક્તો દ્વારા 310 ગાયોનું વિશેષ પૂજન કરી ગૌમાતાને લાડુ, સુખડી અને લીલો ચારો ખવડાવવામાં આવ્યો હતો. આ પવિત્ર દિવસે નીજ મંદિરમાં દેવોને એક હજાર કિલો બોરનો અન્નકૂટ તેમજ તલના લાડુ અને શેરડી ધરાવી રાજોપચાર પૂજન કરવામાં આવ્યું હતું,. આ કાર્યક્રમ દરમિયાન 5 વર્ષથી ગૌસેવા કરતા પવિત્ર સ્વામીનું સન્માન કરાયું હતું અને દાતા પરિવારો દ્વારા ગાય તેમજ ઘાસચારાનું દાન અર્પણ કરવામાં આવ્યું હતું. હજારો હરિભક્તોએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી, સાથે જ સ્વામિનારાયણ સંપ્રદાયની પરંપરા મુજબ ઝોળી પર્વ દ્વારા દાન-પુણ્યનો મહિમા ઉજવાયો હતો. આ પ્રસંગે વડતાલ મંદિરના ચેરમેન ડો. સંતવલ્લભદાસજી સ્વામી, કોઠારી દેવપ્રકાશસ્વામી, વલ્લભસ્વામી, હરિચરણસ્વામી (અમેરિકાવાળા) શ્યામવલ્લભસ્વામી, લક્ષ્મીનારાયણ સ્વામી, ઘનશ્યામ સ્વામી, સૂર્યપ્રકાશ સ્વામી, કે.પી. સ્વામી વિગેરે હાજર રહ્યાં હતાં.

# 'વીબી-ગ્રામ-જી' પંચાયતોની સ્વાયત્તતા છીનવશે : કોંગ્રેસ

**રોજગાર હવે** 'અધિકાર' નહીં પણ સરકારની 'મરજી' પર નિર્ભર હોવાનો કોંગ્રેસ દ્વારા આક્ષેપ

(પ્રતિનિધિ) આણંદ તા.13

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા ભાજપ સરકારના નવા 'વિકસિત ભારત-ગ્રામ-જી' કાયદાની આકરી નિંદા કરવામાં આવી છે. આ કાયદાને ગ્રામીણ ગુજરાતના જીવન પર સીધો હુમલો ગણાવતા, કોંગ્રેસે મનરેગાના મૂળ સ્વરૂપની પુનઃસ્થાપના માટે 'મનરેગા બચાવો' આંદોલન છેડવાની જાહેરાત કરી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા નિશાંત રાવલે ભાજપ સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, મનરેગા કાયદામાં ખોટા ફેરફાર કરીને તેને નબળો પાડવાની ભ્રષ્ટ નીતિ અપનાવવામાં આવી છે. તેમણે ઉમેર્યું કે નવા કાયદામાં 'વીબી'નો અર્થ 'વિકસિત ભારત' નહીં પરંતુ 'વિનાશ ભારત' છે અને 'જી'નો અર્થ 'કેન્દ્રીકરણની ગેરંટી' છે. આ સુધારો ખેડૂતો, ભૂમિહીન મજૂરો, મહિલાઓ, દલિતો અને આદિવાસી સમુદાયો સાથે મોટો દગો છે.

કોંગ્રેસના જણાવ્યા અનુસાર, રાજ્ય સરકારોની સંમતિ વિના 60:40 નો ફંડિંગ રેશિયો નક્કી કરવો એ બંધારણના અનુચ્છેદ 258નું ઉલ્લંઘન છે, જેને ન્યાયાલયમાં પડકારવામાં આવશે. નવા કાયદા હેઠળ હવે ગ્રામ સભા અને પંચાયતોની સત્તા છીનવી લેવામાં આવી છે અને તમામ નિર્ણયો દિલ્હીમાં કેન્દ્રિત કરી દેવામાં આવ્યા છે.

# દાવોલની દૂધ મંડળીમાં મતદાર યાદી મુદ્દે પશુપાલકોનો હોબાળો

દૂધ ન ભરનારા 27 બોગસ મતદારો સામે વાંધા અરજી જીલ્લા રજીસ્ટ્રાર કચેરીને અપાઈ

(પ્રતિનિધિ) બોરસદ, તા 16

દાવોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ચૂંટણી પહેલા મતદાર યાદી સંદર્ભે વિવાદ સર્જાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મતદાર યાદીમાં સામેલ કરાયેલા 27 લોકો દ્વારા વર્ષભર મંડળીમાં નિયમિત દૂધ ભરવામાં આવ્યું નથી. આ લોકો દ્વારા માત્ર ચૂંટણી નજીકના ટૂંકા સમયગાળામાં જ દૂધ ભરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. એટલું જ નહીં, તપાસ દરમિયાન કેટલાક મતદારો પાસે તો પશુઓ જ ન હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. દૂધ ઉત્પાદન સાથે કોઈ વાસ્તવિક સંડોવણી ન હોવા છતાં આવા લોકો મતદાર તરીકે નોંધાયા હોવાના આક્ષેપો ઉઠ્યા છે.

આ સમગ્ર મામલે ગામના આગેવાન અને મંડળીના સભાસદ ઘનશ્યામ ગોહેલ દ્વારા સત્તાવાર રીતે વાંધા અરજી આપવામાં આવી છે. અરજીમાં પુરાવા સાથે રજૂઆત કરવામાં આવી છે કે ખોટી રીતે દૂધ ભરીને 27 લોકોએ બોગસ મતદાર તરીકે નામ નોંધાવ્યા છે. વાંધા અરજીમાં સ્પષ્ટ માગણી કરવામાં આવી છે કે આવા મતદારોના નામ તાત્કાલિક મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવે. મતદાર યાદી કૌભાંડ સામે આવતા દૂધ મંડળી ખાતે પશુપાલકો અને સભાસદોએ સત્તાધીશોની મનમાની સામે ભારે હોબાળો મચાવ્યો હતો. પશુપાલકોનો આરોપ છે કે ચૂંટણી જીતવા માટે ચોક્કસ વ્યક્તિઓ દ્વારા પૂર્વયોજિત રીતે ખોટા મતદારો ઊભા કરવામાં આવી રહ્યા છે, જે લોકશાહી પ્રક્રિયાનો ખુલ્લેઆમ ભંગ છે.

અરજદારો દ્વારા વધુ એક ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે કે દાવોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં છેલ્લા 25 વર્ષથી આર. યુ ગોહેલ નામના વ્યક્તિ આવી જ પદ્ધતિથી પોતાના મતદારો ઊભા કરી ચેરમેન પદે જીતતા આવ્યા છે. જો આ આક્ષેપો સાચા સાબિત થાય તો મંડળીની સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પર ગંભીર સવાલ ઊભા થાય છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજના ભાથીજીના મુવાડા આંગણવાડીમાં બાળકોને પૌષ્ટિક આહારનું વિતરણ કરાયુ

**કપડવંજ** | ખેડા જિલ્લાને કુપોષણ મુક્ત કરવાના સંકલ્પ સાથે સાંસદ દેવુંસિંહ ચૌહાણ અને ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાના માર્ગદર્શન હેઠળ દહીંયપ તાબે ભાથીજીના મુવાડા આંગણવાડીમાં વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પોષણમિત્ર તરીકે સરપંચ શહીદ સૈયદ અને પ્રતાપસિંહ પરમાર દ્વારા આંગણવાડીના બાળકોને ચણા તેમજ બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં ગ્રામજનોએ પણ સહયોગ આપ્યો હતો. જેના દ્વારા બાળકોને દૂધનું વિતરણ કરીને તેમના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ દાખવવામાં આવી હતી.



### કપડવંજમાં મકરસંક્રાંતિએ જરૂરિયાતમંદો માટે ભોજન યજ્ઞ અને વસ્ત્રદાન યોજાયું



**કપડવંજ** | કપડવંજના ગાંધીચોક વિસ્તારમાં વેપારીઓના સહકારથી મકરસંક્રાંતિ નિમિત્તે છેલ્લા 83 વર્ષથી યોજાતા પરંપરાગત ભોજન યજ્ઞમાં અંદાજે 1200થી વધુ દરિદ્ર નારાયણોને ભોજન કરાવવામાં આવ્યું હતું,. આ પ્રસંગે જરૂરિયાતમંદોને પૂરી-શાક અને મિષ્ટાનનું ભોજન પીરસવાની સાથે ગરમ ધાબળા, સાડી અને વસ્ત્રોનું દાન કરી શહેરના અગ્રણીઓ તથા દાનવીરોએ સેવાની જ્યોત પ્રજ્વલિત રાખી હતી. દશાપોરવાડ પંચની વાડીમાં વ્રજવાસીઓ માટે ભજન-કીર્તન અને ભોજનનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજની પાંજરાપોળમાં મકરસંક્રાંતિ પર્વે જીવદયાનો માહોલ જોવા મળ્યો

**કપડવંજ** | કપડવંજમાં મકરસંક્રાંતિ નિમિત્તે શેઠ મીઠા લાલ ગુલાબચંદ પાંજરાપોળમાં નગરજનોએ ગાયોને ઘાસચારો અને ગોળ અર્પણ કરી અબોલ પશુઓની સેવા કરી હતી. હનુમાન ચાલીસા પરિવાર અને અન્ય સેવાભાવી લોકોએ આ પવિત્ર પર્વે ઉત્સાહપૂર્વક દાન આપી પુણ્યનું ભાથું બાંધ્યું હતું. પાંજરાપોળના અગ્રણી ભદ્રેશભાઈ ભટ્ટના જણાવ્યા અનુસાર, દર વર્ષની જેમ આ વર્ષે પણ મોટી સંખ્યામાં લોકોએ અહીં સેવાકીય પ્રવૃત્તિઓનો લાભ લીધો હતો. આ પ્રસંગે સમગ્ર પંથકમાં જીવદયા અને માનવતાના સમન્વય સાથે ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.



### સિગ્મા સોલ્વે FY26ના નવ માસમાં મજબૂત નાણાકીય પ્રદર્શન નોંધાવ્યું

વડોદરા | એઆઈ અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન ક્ષેત્રે કાર્યરત સિગ્મા સોલ્વ લિમિટેડે નાણાકીય વર્ષ 2025-26ના ત્રીજા ત્રિમાસિક અને નવ માસ માટે મજબૂત નાણાકીય પ્રદર્શન નોંધાવ્યું છે. કંપનીએ FY26ના નવ માસમાં EBITDAમાં વાર્ષિક ધોરણે 47 ટકાથી વધુની વૃદ્ધિ સાથે ₹25.82 કરોડ નોંધાવ્યા છે, જ્યારે આવકમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. કંપનીના જાહેર કરાયેલા અનઓડિટેડ પરિણામો અનુસાર, FY26ના ત્રીજા ત્રિમાસિક દરમિયાન સંકલિત કુલ આવક ₹26.39 કરોડ રહી હતી, જે વાર્ષિક ધોરણે 33 ટકા કરતાં વધુની વૃદ્ધિ દર્શાવે છે. આ ત્રિમાસિકમાં EBITDA ₹9.51 કરોડ અને પીએટી ₹6.70 કરોડ નોંધાયા હતા. નવ માસના ગાળામાં કુલ આવક ₹76.34 કરોડ અને પીએટી ₹18.53 કરોડ રહ્યો છે. વ્યવસાયિક સ્તરે, સિગ્મા સોલ્વે પોતાની એઆઈ આધારિત ડિજિટલ ટ્રાન્સફોર્મેશન વ્યૂહરચનાને અનુરૂપ નવી બ્રાન્ડ ઓળખ રજૂ કરી છે. અપડેટેડ લોગો અને વિઝ્યુઅલ લેંગ્વેજ સાથેનું આ રિબ્રાન્ડિંગ કંપનીના વિકાસના નવા તબક્કાને દર્શાવે છે. કંપનીના ડિરેક્ટર પ્રેરક પરીખ અને કો-ફાઉન્ડર બિરેન ઝવેરચંદે જણાવ્યું હતું કે, મજબૂત અમલીકરણ, ક્લાયન્ટ વિશ્વાસ અને ડિજિટલ ક્ષમતાઓની વધતી માંગ કંપનીને લાંબા ગાળાની વૃદ્ધિ માટે સજ્જ બનાવી રહી છે.

### નડિયાદમાં બીએપીએસ દ્વારા 'કેશવ ક્રિકેટ કપ-2026'નું ભવ્ય આયોજન કરાયું

**નડિયાદ** | પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની દિવ્ય પ્રેરણાથી BAPS નડિયાદ ગ્રામ્ય દ્વારા યોગી ફાર્મ ખાતે KCC-2026 ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં બાળકોની 26 અને યુવકોની 42 ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ શિસ્ત, સમર્પણ અને ટીમ ભાવનાનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું,. ટુર્નામેન્ટના અંતે બાળકોમાં યોગીનગર અને યુવકોમાં સિહુંજ ટીમ વિજેતા જાહેર થઈ હતી, જેમને પૂજ્ય સંતોના હસ્તે ટ્રોફી અને મેડલ આપી પ્રોત્સાહિત કરાયા હતા.




### મહીસાગરના શિક્ષકને મોરારીબાપુના હસ્તે 'ચિત્રકૂટ એવોર્ડ' અર્પણ કરાયો

**લુણાવાડા** | મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાની નપાણિયા લાડવેલ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક હેમાંગભાઈ આર. પટેલને તેમની નિષ્ઠાપૂર્વકની શૈક્ષણિક સેવાઓ માટે રાજ્યના પ્રતિષ્ઠિત 'ચિત્રકૂટ એવોર્ડ' થી નવાજવામાં આવ્યા છે. તલગાજરડા ખાતે મકરસંક્રાંતિના પાવન પર્વે આયોજિત 26માં ગરિમાપૂર્ણ સમારોહમાં મોરારીબાપુના હસ્તે રાજ્યના પસંદ કરાયેલા કુલ 36 શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંત સીતારામબાપુ અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં હેમાંગભાઈને શિક્ષણ ક્ષેત્રે તેમના નમૂનેદાર પ્રદાન અને નવીન પ્રવૃત્તિઓ બદલ બિરદાવવામાં આવ્યા હતા.



### સંતરામપુર કાવડયાતરા સેવા ગ્રુપ દ્વારા સમાજ સેવા અર્થે 'અંતિમરથ'નું લોકાર્પણ કરાશે

**સંતરામપુર** | સંતરામપુર કાવડયાતરા સેવા ગ્રુપ દ્વારા વિવિધ શુભેચ્છકોના સહકારથી સમાજ સેવા માટે 'અંતિમરથ' સમર્પિત કરવાનો પ્રેરણાદાયી કાર્યક્રમ 18મી જાન્યુઆરીના રોજ સવારે 11-30 કલાકે અર્બન બેંક પાસે યોજાશે. આ પ્રસંગે અર્બન બેંકના ચેરમેન નરેન્દ્રભાઈ પટેલ, મંથનસિંહ એચ. ચૌહાણ, ધૂલજીભાઈ ગડીયા અને મધુકરભાઈ ઉપાધ્યાય વિશેષ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. ગ્રુપના સેવાભાવી કાર્યકરો સંતોષ જોષી, અજય મહેતા, હર્ષદ ધોબી અને તમામ મિત્રો દ્વારા આ સેવાકીય પ્રવૃત્તિનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.



### નડિયાદની સી.બી.પટેલ આર્ટ્સ કોલેજની એનએસએસ શિબિરમાં વ્યાખ્યાન યોજાયું

**નડિયાદ** | નડિયાદની સી.બી.પટેલ આર્ટ્સ કોલેજ દ્વારા ડેમોલ ખાતે આયોજિત એન.એસ.એસ. શિબિરમાં સંજય વાઘેલાએ સ્વતંત્રતા અને સમાજસેવા વિષય પર પ્રેરણાદાયક વ્યાખ્યાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં રાજેશ મકવાણાએ ગઝલોની પ્રસ્તુતિ દ્વારા ઉપસ્થિત યુવાનોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ શિબિર દરમિયાન પ્રોગ્રામ કન્વીનર ડો. પ્રકાશભાઈ વિંછીયા અને અન્ય અધ્યાપકોની ઉપસ્થિતિમાં બંને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મોમેન્ટો અને પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ બૌદ્ધિક વ્યાખ્યાન અને સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં સમાજસેવા અને રાષ્ટ્રભાવનાના મૂલ્યોનું સિંચન કરવામાં આવ્યું હતું.



### મોગરીની વી.જે. પટેલ કોલેજના વિદ્યાર્થીઓ ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી તીરંદાજીમાં પસંદગી

**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત મોગરીની વી.જે. પટેલ કોલેજના વિદ્યાર્થીઓ મન્સુરી રૂહુલ અને કંટારીયા અભયભાઈની ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી તીરંદાજી ટુર્નામેન્ટ માટે પસંદગી થઈ છે. આ ખેલાડીઓએ ભટિંડા ખાતે 'સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી'ની ટીમમાં સામેલ થઈ સ્પર્ધામાં ભાગ લઈ સંસ્થાનું નામ રોશન કર્યું છે. તેમની આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ મંડળના મંત્રી કે.ડી. પટેલ, આચાર્ય ડો. અજીતસિંહ ગોહિલ અને સમગ્ર કોલેજ પરિવારે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.




### પીપીએફએએસ મ્યુચ્યુઅલ ફંડે 'પરાગ પરીખ લાર્જ કેપ ફંડ' લોન્ચ કરવાની જાહેરાત કરી

વડોદરા | પીપીએફએએસ મ્યુચ્યુઅલ ફંડે પોતાની નવી ઇક્વિટી સ્કીમ પરાગ પરીખ લાર્જ કેપ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ સ્કીમનો ન્યૂ ફંડ ઓફર (NFO) 19 જાન્યુઆરી, 2026ના રોજ ખુલશે અને 30 જાન્યુઆરી, 2026ના રોજ બંધ થશે. ત્યારબાદ આ યોજના 6 ફેબ્રુઆરી, 2026થી ફરીથી રોકાણ માટે ખુલ્લી રહેશે. આ ફંડ હાઉસની સ્થાપના પછીની સાતમી સ્કીમ છે. આ ઓપન એન્ડેડ ઇક્વિટી સ્કીમ મુખ્યત્વે લાર્જ કેપ સ્ટોક્સમાં રોકાણ કરવા માટે રચવામાં આવી છે અને તેનો AMFI ટીયર-1 બેન્ચમાર્ક નિફ્ટી 100 TRI રહેશે. કંપનીના જણાવ્યા મુજબ, સ્કીમનો ઉદ્દેશ ઓછા ખર્ચે અને કાર્યક્ષમ રીતે વ્યાપક લાર્જ-કેપ એક્સપોઝર પ્રદાન કરવાનો છે, જેમાં પોર્ટફોલિયોને લાંબા ગાળે બેન્ચમાર્કની નજીક રાખવાનો અભિગમ અપનાવવામાં આવશે. આ સ્કીમમાં ઓછામાં ઓછું રોકાણ રૂ.1,000 રહેશે અને ત્યારબાદ રૂ.1ના ગુણાંકમાં રોકાણ કરી શકાશે. એન્ટ્રી કે એક્ઝિટ લોડ લાગુ નહીં પડે. ડિરેક્ટ અને રેગ્યુલર પ્લાન બંને ગ્રોથ તથા ઇન્કમ ડિસ્ટ્રિબ્યુશન કમ કેપિટલ વિથડ્રોઅલ વિકલ્પો સાથે ઉપલબ્ધ રહેશે.

### આણંદના વોર્ડ નં. 3માં 15 વોટ લાઈટોની જગ્યાએ નવી મોટી લાઈટો લગાવાઈ

**આણંદ** | આણંદ ધારાસભ્ય યોગેશભાઈ પટેલ (બાપજી) ની સૂચના અનુસાર તથા પૂર્વ કાઉન્સિલર કરીશ્માબેન ફિરોજભાઈ વહોરા અને શહેર ભાજપ કાર્યકારી સભ્ય સાજીદ વહોરા ની ભલામણથી જિલ્લા ભાજપ લઘુમતી મોરચાના કાર્યાલય મંત્રી ફારૂક ખેડાવાલા દ્વારા તાજેતરમાં કરમસદ-આણંદ મહાનગર પાલિકા કમિશ્નરને લેખિત રજૂઆત કરાઇ હતી. આ રજૂઆતના અનુસંધાને, વોર્ડ નં. 3 ના નવા સીમાંકન મુજબ ગુજરાતી ચોકથી પોલસન રોડ નૂતન નગર ફાટક સુધી વિસ્તારમાં અગાઉ લગાવવામાં આવેલી જૂની 15 વોટની લાઈટો દૂર કરી તેની જગ્યાએ નવી અને વધુ ક્ષમતા ધરાવતી મોટી લાઈટો નાખવામાં આવી છે. આ કામગીરી દરમિયાન વોર્ડ બુથ પ્રમુખ ઈમરાન પઠાણ, અનવરભાઈ બાદારપુર વાલા, ઈકબાલ કુરેશી, અનવર કુરેશી, કુરેશી સમાજ પ્રમુખ સલીમભાઈ કુરેશી, સમદભાઈ વહોરા તથા સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

